# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૪-A તા.૧૧-૧૨-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રજ્ઞા અભિગમ અંગે પ્રેરક માર્ગદર્શન

સંદર્ભ :- પત્રક્રમાંક : એસએસએ./કયુઈસેલ/૨૦૧૮/૪૧૫૫૦-૫૮૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદમાં ધો. ૧ અને ૨ માં પ્રજ્ઞા અભિગમ અંતર્ગત કાર્યરત તમામ શાળાના ધો.૧ અને ૨ ના શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોએ તા.૧૩-૧૨-૧૮ને ગુરૂવારના રોજ બપોરે ૩-૦૦ થી ૫-૦૦ કલાક દરમ્યાન બાયસેગ મારફતે આપવામાં આવનાર પ્રેરક માર્ગદર્શન બિનચૂક નિહાળવાનું રહેશે. પ્રજ્ઞા અભિગમના સુચારું આયોજન અને યોગ્ય અમલીકરણ અર્થે માન.સચિવશ્રી, શિક્ષણ વિભાગ અને માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. ખાસ પ્રેરક માર્ગદર્શન આપનાર હોઈ તમામ પ્રકારની પાળીવાળી શાળાઓએ પોતાનું બાયસેગ પ્રસારણ અગાઉથી ચેક કરી લેવું.

તમામ યુ.આર.સી. અને સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી તથા બી.આર.પી. મિત્રોએ પણ આ પ્રસારણ નિહાળવાનું રહેશે.

**બિડાણ : સંદર્ભિત પત્રની નકલ**

તા.૧૧-૧૨-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર–૧૭, ગાંધીનગર.
ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૭૧૩૩
E-mail : qecell@gmail.com
Tollfree No. : 1800 233 7965

પત્રક્રમાંક:એસએસએ/ક્યુઈસેલ/૨૦૧૮/ ૪૨૫૫૭:૫૮૯

તા.૧૧/૧૨/૨૦૧૮

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ
શાસનાધિકારીશ્રી અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત.

વિષય: પ્રજ્ઞા અભિગમ અંગે પ્રેરક માર્ગદર્શન.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ૨૦૧૦થી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમ અમલીકૃત છે. જુન - ૨૦૧૮થી રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ - ૧ અને ૨માં પ્રજ્ઞા અભિગમનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે.

મિશન વિદ્યા અને વાંચન, લેખન, ગણન અંગે મળેલ અનુભવ અને આગામી સ્થિતિએ ઉપરના ધોરણોમાં બાળકોની શૈક્ષણિક સ્થિતિ વધુ ઉજવળ બને તે અપેક્ષાએ ધોરણ – ૧ અને ૨માં પ્રજ્ઞા અભિગમના સૂચારૂ આયોજન અને યોગ્ય અમલીકરણ અર્થે માન. સચિવશ્રી (શિક્ષણ) અને માન. એસ.પી.ડી.શ્રી (સમગ્ર શિક્ષા અભિયાન) દ્વારા બાયસેગ મારફત તા.૧૩/૧૨/૨૦૧૮ ને ગુરૂવાર,(સમય – ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાક) ના રોજ પ્રેરક માર્ગદર્શન માટેનું આયોજન કરેલ છે.

જે અંગે તમામ પ્રાથમિક શાળાઓના ધોરણ – ૧ અને ૨ના શિક્ષકશ્રીઓને સદર તારીખ અને સમયે પોતાની શાળામાં બાયસેગથી પ્રસારણ નિહાળવા જણાવવામાં આવે છે. જે શાળામાં બાયસેગની સુવિધા ન હોય તે શાળાના ધોરણ – ૧ અને ૨ના શિક્ષકશ્રીએ બાજુની બાયસેગ સુવિધાવાળી શાળામાં પ્રસારણ નિહાળવા માટે હાજર રહેવું.

CRCC અને BRCC એ મોનીટરીંગ અને આયોજન કરી ધોરણ – ૧ અને ૨ના તમામ શિક્ષકો પ્રસારણ નિહાળે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે. DPC / BRCC / CRCC અને BRP મિત્રોએ પણ આ કાર્યક્રમ ફરજિયાત નિહાળવાનો રહેશે.

સચિવશ્રી
સમગ્ર શિક્ષા અભિયાન
એસ.પી.ઓ., એસ.એસ.એ.,
ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- પી.એ. ટુ માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી.